॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૨૩

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં છે? તે લખો. (૫)**

૧. વિષય–વિકાર વધે તેવા વચનો બોલવા **કંદપ્પે** **આઠમા વ્રતમાં**

૨. મનને અતિ વહાલું **મણામં** **સંથારાના પાઠમાં**

૩. અશુદ્ધ ભિક્ષા **અપરિસુદ્ધં** **બીજા શ્રમણસૂત્રમાં**

૪. વગર પૂંજ્યે શરીર ખંજવાળવાથી **આમોસે** **પહેલા શ્રમણસૂત્રમાં**

૫. વિચ્છેદ રહિત અર્થાત્ સદા શાશ્વત **અવિસંધિ** **પાંચમા શ્રમણસૂત્રમાં**

**(૨) નીચેના અતિચાર લખી તે કયા પાઠમાં છે? તે લખો. (૫)**

૧. ઘોડાના નાક છેદાવ્યા હોય. **છવિચ્છેએ/નિલ્લંછણકમ્મે** **પહેલા વ્રતમાં/સાતમા વ્રતમાં**

૨. ઘોડાના વાળનો વેપાર કર્યો હોય. **કેસ વાણિજ્જે** **સાતમા વ્રતમાં**

૩. બેની જગ્યાએ ચાર ઘોડા રાખ્યા હોય. **દુપદ–ચઉપદપ્પમાણાઈક્કમે** **પાંચમા વ્રતમાં**

૪. ઘોડા પર અફીણની સ્મગલિંગ કરી હોય. **વિરુદ્ધ રજ્જાઈક્કમે** **ત્રીજા વ્રતમાં**

૫. ઘોડા પર બેસીને સામાયિક કરી હોય. **કાય દુપ્પણિહાણે** **નવમા વ્રતમાં/સામાયિકના ૮ મા પાઠમાં**

**(આ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૧૦)**

૧. સાધનાનો પ્રારંભ શેનાથી થાય છે? **સામાયિક**

૨. સામાયિકના લક્ષણોમાં શું મુખ્ય છે? **સમતા**

૩. સાધકો માટે શ્રેષ્ઠ આલંબન કોનું છે? **તીર્થંકર**

૪. સામાયિક વિનાની સાધના કેવી છે? **શૂન્ય**

૫. પ્રતિક્રમણના ત્રીજા આવશ્યકથી શેનો નાશ થાય છે? **અહંકાર**

૬. તીર્થંકરની સ્તુંતિ કર્યા પછી સાધકનો પ્રવાહ કોની તરફ વહે છે? **ગુરુ**

૭. છ આવશ્યકનું પૂર્ણ રીતે આચરણ ક્યારે થાય છે? **પ્રતિક્રમણમાં**

૮. શેની સિદ્ધિમાં શ્રુતજ્ઞાન સાધનભૂત છે? **સમભાવ**

૯.પ્રભુ મહાવીરે આત્મા માટે કયા શબ્દોનો પ્રયોગ કર્યો છે? **સમય**

૧૦. શેમાં રમણ કરવું તે સામાયિકનો ઉચ્ચ આદર્શ છે? **આત્મસ્વરૂપ**

(૨૦)

**પ્ર.૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૧૦)**

૧. કેવળ સમુદ્‌ઘાતમાં શેની પ્રવૃત્તિ હોતી નથી? **મનયોગ, વચનયોગ**

૨. સાધકે નિરોગી રહેવા માટે શેમાં નિયમિતતા રાખવાની છે? **આહાર, પાણી**

૩. આયુષ્યના પરિણામ કોને કહ્યા છે? **ગતિ, સ્થિતિ**

૪. રુચક પ્રદેશમાં શું થતું નથી? **સંકોચન, વિસ્તાર**

૫. ગણના અધિપતિને શું કહે છે? **ગણિ, ગચ્છાધિપતિ**

૬. કઈ સ્ત્રીઓએ તીર્થંકર નામગોત્ર બાંધ્યું? **સુલસા, રેવતી**

૭. મ પરથી કયા વિગય છે? **મધ, મદ્ય**

૮. કેવળ સમુદ્‌ઘાતના પાંચમા સમયમાં કેવળી શું કરે છે? **રસઘાત, સ્થિતિઘાત**

૯. પુષ્પ સૂક્ષ્મમાં કોનો સમાવેશ થાય છે? **વડ, પીપળ**

૧૦. શેનાથી રહિત થઈને કલહ ઉપશાંત કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ? **આકાંક્ષા, અપેક્ષા**

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો. (૧૦)**

૧. કેટલાક ......–.......–...... આદિ ખાવાથી પોતાની શુદ્ધિ સ્વીકારે છે. **કંદ, મૂળ, પાન**

૨. તેઓ ...... પાપસ્થાનોથી વિરામ પામી ......, ...... અને ...... ની આરાધના કરે છે.

**હિંસાદિ, અહિંસા, સંયમ , તપ**

૩. ધર્મ એટલે ......, ......, ......, ......, ...... . **કર્તવ્ય, કુશળ અનુષ્ઠાન, સદાચાર, સત્કૃત્યો, સ્વભાવ**

૪. સાધુ બીજા મહાવ્રતનું પાલન કરવા ...... પૂર્વક ......, ...... અને ...... ભાષાનો પ્રયોગ કરે.

**ભાષાસમિતિ, હિત, મિત, પરિમિત**

૫. ...... ની આસક્તિ કે ...... લોલુપતાનો ત્યાગ કરે. **આહાર, સ્વાદ**

૬. ...... ના સુખ માટે કે ...... માટે હિંસક પ્રવૃત્તિ કરે છે. **સ્વર્ગ, મોક્ષ**

**(૨૦)**

**પ્ર. ૩ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. શ્રાવકોના અધિકારમાં સંક્ષિપ્તમાં શેનો ઉલ્લેખ કર્યો છે? **શ્રાવકના નામ, ગામના નામ, સંપત્તિ, ગતિ.**

૨. શ્રમણભૂત એટલે શું? **શ્રમણ જેવો.**

૩. ૧૨ ક્રોડ સુવર્ણમુદ્રા કોની સંપત્તિ હતી? **આનંદ, નંદિનીપિતા, શાલિહીપિતા.**

૪. કુંડકૌલિકની પત્ની અને નગરીનું નામ લખો. બે શબ્દમાં લખો. **પુષા, કાંપિલપુર.**

૫. કયા શ્રાવકે પત્નીવધની ધમકીથી વ્રતનો ભંગ કર્યો? એક શબ્દમાં લખો. **સકડાલપુત્ર.**

૬. પત્નીની પ્રેરણાથી કોણે પ્રાયશ્ચિત્ત લીધું? **સુરાદેવ, ચુલ્લનીશતક, સકડાલપુત્ર.**

૭. આઠ ગોકુળ હોય તેવા કયા શ્રાવક ઉપસર્ગમાં ચલિત થયા? એક શબ્દમાં લખો. **ચુલનીપિતા.**

૮. કામદેવ ચલિત થયા છે કે નહિ? તેમને કયા ઉપસર્ગ આવ્યા હતા?

**ના, પિશાચ, હાથી, સર્પના રૂપમાં દેવોપસર્ગ.**

૯. કન્યાના લગ્નપ્રસંગે શેનો રિવાજ હતો? **પિતૃપક્ષ તરફથી સ્થાવર જંગમ સંપત્તિ આપવાનો.**

૧૦. શ્રમણ શબ્દ શેના અર્થમાં પ્રયુક્ત છે? **સર્વત્યાગી સંયમીના અર્થમાં.**

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે આપો. (૭)**

૧. મહાચંદ્રકુમાર કેવા હતા? (૩) **ગુણસંપન્ન, રૂપસંપન્ન, પુણ્યવાન.**

૨. કયા જીવો પંદર ભવે મોક્ષે જશે? (૪) **સુબાહુકુમાર, ભદ્રનંદી, સુજાત, વરદત્ત.**

૩. સુબાહુકુમાર બધાને કેવા લાગે છે? (૭) **ઈષ્ટ, શાંત, કાંત, પ્રિય, મનોજ્ઞ, સૌમ્ય, સૌભાગ્યશાળી.**

**(૨) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૩)**

૧. મહાબલકુમારના લગ્ન ધારિણી સાથે થયા હતા.

**ખોટું. મહાબલકુમારના લગ્ન રક્તવતી પ્રમુખ ૫૦૦ રાજકન્યા સાથે થયા હતા.**

૨. ધનપતિકુમારના પિતાનું નામ વૈશ્રમણ રાજા હતું. **સાચું.**

૩. જિનદાસકુમાર પૂર્વભવમાં ધર્મસિંહ નાગ ગાથાપતિ હતા.

**ખોટું. જિનદાસકુમાર પૂર્વભવમાં મેઘરથ રાજા હતા.**

**પ્ર.૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. દટ્ઠૂણ **રહનેમિં તં, ભગ્ગુજ્જોય પરાજિયં । રાઈમઈ અસંભન્તા, અપ્પાણં સંવરે** તહિં ॥

**અર્થ : ભગ્નચિત્ત, સંયમ પ્રતિ નિરુત્સાહ અને સ્ત્રી પરિષહથી પરાજિત રહનેમિને જોઇને રાજેમતી નિભિર્ક બની અને તેણે પોતાનું શરીર ઢાંક્યું.**

૨. મત્તં **ચ ગન્ધહત્થિં, વાસુદેવસ્સ જેટ્ઠગં । આરૂઢો સોહએ અહિયં, સિરે ચૂડામણી** જહા ॥

**અર્થ : જેમ માથા ઉપર ચૂડામણિ–મુકુટ શોભે છે, તેમ વાસુદેવના સૌથી મોટા મદયુક્ત અને સર્વશ્રેષ્ઠ ગંધ–હસ્તી ઉપર ચઢેલા નેમિકુમાર અત્યંત શોભિત લાગે છે.**

૩. ગિરિં **રેવતયં જંતી, વાસેણુલ્લા ઉ અંતરા । વાસન્તે અંધાયરંમિ, અંતો લયણસ્સ સા** ઠિયા ॥

**અર્થ : સાધ્વી રાજેમતી નેમપ્રભુના દર્શનાર્થે એકવાર રૈવતક પર્વત પર જતી વખતે વર્ષાથી ભીંજાયા. અંધારું થઈ ગયું હતું. વર્ષાથી બચવા માટે એક અંધારી ગુફામાં તેઓ રોકાઈ ગયા.**

૪. વાસુદેવો **ય ણં ભણઈ, લુત્તકેસં જિઈન્દિયં । ઈચ્છિયમણોરહં તુરિયં, પાવસુ તં** દમીસરા ॥

**અર્થ : લુંચિત કેશયુક્ત જિતેન્દ્રિય ભગવાનને વાસુદેવ વગેરે કહેવા લાગ્યા કે હે દમીશ્વર પ્રભુ ! આપ શીઘ્ર ઈચ્છિત મનોરથને પ્રાપ્ત કરો.**

**(૨) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો.** **(૩)**

૧. સોરિય પુરંમિ નયરે, આસી રાયા મહિડ્ઢિએ । સમુદ્દવિજયે નામં, રાયલક્ખણ સંજુએ ॥

**શૌર્યપુર નગરમાં સમુદ્રવિજય નામના મહારિદ્ધિવાન રાજા રાજલક્ષણયુક્ત હતા.**

૨. મણગુત્તો વયગુત્તો, કાયગુત્તો જિઈન્દિઓ । સામણ્ણં નિચ્ચલં ફાસે, જાવજ્જીવં દઢવ્વઓ ॥

**રહનેમિ મન, વચન, કાયાથી ગુપ્ત, જિતેન્દ્રિય અને નિશ્ચલતાથી દઢવ્રતી થયા. તેમણે જીવન પર્યંત્ નિશ્ચલ ભાવથી શ્રમણધર્મ પાળ્યો.**

**(૩) નીચેના વાક્ય પરથી ગાથા લખો.** **(૩)**

૧. રાજેમતીએ પણ એને જોયા.

**ચીવરાઈ વિસારન્તી, જહા જાય ત્તિ પાસિયા । રહનેમી ભગ્ગચિત્તો, પચ્છા દિટ્ઠો ય તીઈ વિ ॥**

૨. હું આ કન્યા તેને આપું.

**અહાહ જણાઓ તીસે, વાસુદેવં મહિડ્ઢિયં । ઈહાગચ્છઉ કુમારો, જા સે કન્નં દદામિ હં ॥**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૨)**

૧. ભગવાને કેટલા પુરુષ સાથે શેના યોગમાં દીક્ષા લીધી? બે શબ્દમાં લખો. **૧000, ચિત્રા**

૨. રાજેમતીના શરીરની પ્રભા કેવી હતી? **ચમકતી વીજળી સમાન.**

(૨૦)

**પ્ર. ૫ (અ) ભગવતી સૂત્રના આધારે અયોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૧૦)**

૧. સર્વરત્નનિધિમાં શેનો સમાવેશ થાય? (રત્ન, ઝવેરાત, **આભૂષણો**)

૨. જઘ. ૧0000 વર્ષની સ્થિતિ કોની અપેક્ષાએ છે? (નારકી, ભવનપતિ, **વૈમાનિક**)

૩. દેવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એટલે શું સરખું છે? (**અંતર,** સ્થિતિ, સંચિટ્ટણા)

૪. ભાવદેવ મરીને ક્યાં જતા નથી? (નરક, **તિર્યંચ,** દેવલોક)

૫. ક્યાંથી આવેલો જીવ નરદેવ થઈ શક્તો નથી? (નારકી, **તિર્યંચ,** દેવ)

૬. કોની અવગાહના ૫00 ધનુષની છે? (**ભવિય દ્રવ્યદેવ,** ધર્મદેવ, દેવાધિદેવ)

૭. દેવાધિદેવના કયા ગુણ ખામણામાં પણ આવેલા છે? (શુભ ધ્યાન, શુભ જોગ, **અજોગ**)

૮ ધર્મદેવની આગતમાં કયાં જીવ આવતા નથી? (તેઉકાય, **બાદર,** વાઉકાય)

૯. કોનું આંતરું દેશોન અર્ધપુગલ પરાવર્તન કાળ છે? (નરદેવ, ધર્મદેવ, **ભાવદેવ**)

૧૦. ધર્મદેવ કોનાથી ઓછા છે? (**દેવાધિદેવ,** ભવિય દ્રવ્યદેવ, ભાવદેવ)

**(આ) કોઠો બનાવીને માર્ગણા લખો.** **(૧૦)**

| માર્ગણા | ના | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. તિર્છાલોક કૃષ્ણલેશી નોગર્ભજમાં | **0** | **૩૮** | **૧૦૧** | **૫૨** | **૪૮ માંથી ૧૦ સંજ્ઞીના વર્જીને, ૧૦૧ સંમૂર્છિમ મનુ.ના અપર્યા., ૨૬ વાણ.ના અપર્યા. પર્યા. ૫૨** | **૧૯૧** |
| ૨. અભાષક મરવાવાળામાં | **0** | **૩૫** | **૧૩૧** | **0** | **૪૮ તિર્યંચના ભેદમાંથી ૧૩ વચનયોગી વર્જીને, ૧૦૧ સંમૂ. મનુ. ના અપર્યા., ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યા. ૩0** | **૧૬૬** |
| ૩. કૃષ્ણલેશી મિશ્રદષ્ટિમાં | **૩** | **૫** | **૧૫** | **૩૬** | **૫, ૬, ૭ નરક, ૫ સંજ્ઞી તિ. પંચે., ૧૫ કર્મભૂમિ, ૧૦ ભવન., ૧૬ વાણ., ૧૦ જૃભંક એ ૫૯ ના પર્યા.** | **૫૯** |
| ૬. નોગર્ભજ ઘ્રાણેન્દ્રિય સમ્યગ્દષ્ટિમાં | **૧૩** | **૭** | **0** | **૧૬૨** | **૧૩ નારકીના ૭ મી નરક વર્જીને, તેઈ., ચૌરે., ૫ અસંજ્ઞી તિ. પંચે.એ ૭ ના અપર્યા., ૧૫ પરમા +૩ કિલ્વિષી ૧૮ ના અપર્યા. પર્યા. વર્જીને ૧૬૨** | **૧૮૨** |
| ૫. તિર્છાલોક સમુચ્ચય નપુંસક વેદ | **0** | **૪૮** | **૧૩૧** | **0** | **તિર્યંચના ૪૮ ભેદ, ૧૦૧ સંમૂ. મનુ. ના અપર્યા. ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૩૧** | **૧૭૯** |

**જય જિનેન્દ્ર**